જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

જુલાઈ - ૨૦૨૪

Go...Make Disciples

દર્શન વિધાન

"ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા."

સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પધ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પધ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપકવતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

પ્રિય પ્રાર્થના મિત્રો,

પ્રભુમાં વ્હાલા ભાઈ-બહેનો પ્રભુના ગૌરવી નામમાં પ્રેમી સલામ.

આજના સમયમાં આધુનિકતા પરાકાષ્ટા પર છે, અને આ યુગમાં દરેક વ્યક્તિ માટે જીવન જીવવું અને એક પ્રભુના બાળક અથવા શિષ્ય તરીકે જીવન જીવવું અઘરું બન્યું છે. ન્યાયી માણસને ન્યાયપણાના માર્ગમાં ચાલવા માટે માર્ગ ભટકી જવાની સંભાવના છે. આવા સમયમાં આપણાં માટે પ્રભુમાં જીવવું અઘરું છે, ત્યારે ઈશ્વરનું વચન માથ્થી ૫:૧૬ કહે છે "તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી સારી કરણીઓ જોઈને આકાશમાંના તમારા પિતાની સ્તુતિ કરે." માથ્થી ૫:૧૬ બીજી રીતે કહીએ તો "તમે જગતનું અજવાળું છો અને તમારું અજવાળું લોકો આગળ એવું પ્રસારો કે લોકો યહોવાહની સ્તુતિ કરે." પ્રભુ આ વચનમાં તમારું અજવાળું, હવે અજવાળાનો શ્રોત તો ઈશ્વર છે. જે ઉત્પત્તિ પ્રથમ અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે ઈશ્વરે અજવાળાને ઉત્પન્ન કર્યું. એટલે એ અજવાળું આપણામાં ક્યારે આવે. પ્રથમ આપણે એ માનવું રહ્યું કે હું ઈશ્વરની કૃતિ છું. ઈશ્વરની કૃતિ એટલે ઈશ્વરનો સ્વભાવ, ઈશ્વરના ગુણો, ઈશ્વરનું અસ્તિત્વ મારામાં અને એથી ઈશ્વર મારામાં દેખાવા એ સામાન્ય અર્થ થાય અને મારો ઈશ્વર સાથેનો સંબંધ અને તેથી ઈશ્વર મારામાં દેખાવા જોઈએ અને જ્યારે મારામાં ઈશ્વરીય ગુણો આવે છે ત્યારે મારા કાર્યો પણ ઈશ્વરને ગમે એવા. તેથી ઈશ્વર મારામાં અને મારા દ્વારા અન્ય લોકો દેખાવા જોઈએ એ પ્રથમ વાત બને છે.

હવે મારું અજવાળું બીજાઓ સુધી જવું એટલે મારામાંથી ઈશ્વરનું અજવાળું પરાવર્તિત થવું. પરાવર્તિત થઈને અન્ય વ્યક્તિ સુધી પહોંચવું એમાં પહેલા પોતાની પત્ની, બાળકો, કુટુંબીજનો અને પછી અન્ય લોકો સુધી પહોંચવું એ સાચો ક્રમ છે. હવે વ્યક્તિનો સંબંધ ઈશ્વર સાથે રહે છે ત્યારે એના દૈનિક જીવનના કાર્યોમાં શુદ્ધતા અને નૈતિક મૂલ્યો ઈશ્વર પર આધારિત રહે છે. તેમજ માનવીના હૃદય અને મન પર પણ કાબુ ઈશ્વરનો રહે છે. તેથી જે કોઈ કાર્ય કરે છે એ યોગ્ય અને બીજા વ્યક્તિ તે કાર્યમાં વિશ્વાસ કરે છે અને આજ કારણને લઈને અન્ય વ્યક્તિ એ ઈશ્વરનો આભાર માને છે. આવી વાત આપણે ખ્રિસ્તી બાળકો તરીકે અથવા ઈસુના શિષ્ય તરીકે આપણાં જાહેર જીવનમાં અનુભવીએ છીએ ખાસ કરીને નોકરીના ક્ષેત્રોમાં.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે, પ્રથમ ઈશ્વર સાથેનો સંબંધ રાખનારના જીવન થકી જ ઈશ્વર પ્રગટ થાય અને એના જીવન અને કાર્યો થકી લોકો એ વ્યક્તિમાં ઈશ્વરને જોઈ શકે છે. આવી જ વાત પ્રભુનો મહાન સેવક દાઉદ રાજા ગીતશાસ્ત્ર ૬૭ ના અધ્યાયમાં જણાવે છે. ત્યાં પણ ઈશ્વરના અજવાળાની વાત આપણે જોઈએ છીએ. ત્યાં પ્રથમ કલમમાં એ અજવાળાથી ઉદ્ધારની વાત છે અને બીજી કલમમાં એ ઉદ્ધારને જાણીને પ્રભુની સ્તુતિ કરે.

ભાઈઓ અને બહેનો, ઈશ્વરના બાળકો અને શિષ્ય તરીકે આપણને માથ્થી ૨૮:૧૯માં જણાવ્યા પ્રમાણે શિષ્ય બનાવવાની સેવા સોંપી છે. ત્યારે આપણે ફક્ત માથ્થી ૫:૧૬ ને અપનાવવાની જરૂર છે. કારણ કે આજના સમયમાં કોઈ મારું અને તમારું સાંભળવાનું નથી. ફક્ત જીવન જોઈને લોકો તમારી સાથેનો સંબંધનો માપદંડ નક્કી કરે છે. ત્યારે પ્રભુ સાથેના સંબંધમાં વૃદ્ધિ પામીએ. ઈશ્વરના અજવાળાને પરાવર્તિત કરવાની પ્રક્રિયા રોજ કરવાની જરૂર છે.

અંતે "ઈશ્વર આપણાં ભલાં કે ભૂંડાં કાર્યોને, ભલે પછી તે ગુપ્તમાં કરાયાં હોય, તો પણ તેમનો ન્યાય કરશે." સભાશિક્ષક ૧૨:૧૪.

ખ્રિસ્તમાં સાથી સેવક,
શ્રી ઈનોક કિશ્ચિયન
ડાયરેક્ટર-જીવન સંદેશ મિનીસ્ટ્રી

જીવન સંદેશ મલ્ટીમિડીયા સેવા

જીવન સંદેશ એપ્લીકેશન : જીવન સંદેશ એપ્લીકેશન ઑગસ્ટ-૨૦૧૯ થી શરૂ કરવામાં આવી અને 24x7 એપ્લીકેશન ચાલી રહી છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ. સમય જતાં એપ્લીકેશનને એપડેટ પણ કરવામાં આવી. આપ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકો છો. આ એપ્લીકેશન પર બે કલાક ગીતો અને બે કલાક સંદેશ સાથે ગીતો એમ ચોવીસ કલાક એપ્લીકેશન કાર્યરત છે. એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ સુધી કુલ ૨૧૭૭ વખત જીવનસંદેશ એપ્લીકેશનને કુલ ૧૨ દેશોમાંથી સાંભળવામાં આવી હતી. આ માટે પ્રભુનો આભાર માનીએ છીએ. આપને વિનંતી છે આપના મિત્રોને જીવનસંદેશ એપ્લીકેશન શેર કરશો જેથી અન્ય લોકો પણ પ્રભુનો આત્મિક આશીર્વાદના ભાગીદાર બની શકે.

જીવન સંદેશ યુ ટ્યૂબ ચેનલ : જીવન સંદેશ યુ ટ્યુબ ચેનલને મળી રહેલ સારા પ્રતિસાદ માટે પ્રભુના આભારી છીએ. ઘણા બધા લોકો નિયમિત રીતે જીવનસંદેશની યુ ટ્યુબ પ્રસારણો જુવે છે તેમજ યુ ટ્યુબ ચેનલ પર અને વ્યક્તિગત મેસેજ દ્વારા ઉત્તેજન પૂરું પાડે છે.

માર્ચ-૨૦૨૪ થી જુલાઈ-૨૦૨૪ સુધીના પ્રસારિત થયેલ સીરીઝની માહિતી મૂકેલ છે. જો આપ જીવનસંદેશ યુ ટ્યુબ ચેનલના સબ્સક્રાઈબર નથી તો આજે જ સબ્સક્રાઈબ કરીને બીજાને પણ શેર કરો.

જીવનસંદેશ યુ ટ્યુબ ચેનલ માટે જુદા જુદા પ્રભુના માનવંત સેવકોનો ઉપયોગ કરવામાં આવે છે. જેઓ દ્વારા ઉત્તમ શિક્ષણ આપેલ છે. દરેક પ્રભુના નમ્ર સેવકોનો જીવનસંદેશ આભારી છે.

Jivan Sandesh Application (Oct.2023-Mar.-2024)

Month	Series	Episodes
Mar.	Standing Firm in the Storms of life	04
	ઈસુની અજોડતા - Passion Week-2024	08
April	Standing Firm in the Storms of life	02
	મારા જીવનથી મહિમા તુજને-Gujarati Christian Song શબ્દ રચના અને સ્વર રચના : જેક્સન ક્રિશ્ચિયન સ્વર : હિયા ક્રિશ્ચિયન - સંગીત : નિલમિક્સિંગ અને માસ્ટરીંગ : અર્પણ મહિડા પ્રસ્તુત કર્તા : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ	01
	Great Questions in the Old Testament	01
May	Great Questions in the Old Testament	04
	થંભ તે સહે - Gujarati Christian Song શબ્દ રચના : ઈનોક ક્રિશ્ચિયન - જેક્સન ક્રિશ્ચિયન સ્વર રચના : ઈનોક ક્રિશ્ચિયન - જેક્સન ક્રિશ્ચિયન સ્વર : મિલ્ટન ક્રિશ્ચિયન - સંગીત : અર્પણ મહિડા રીધમ : હેગીન્સ ક્રિશ્ચિયન પ્રસ્તુત કર્તા : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ	
June	ગીતશાસ્ત્રના ચઢવાના ગીતો	04
July	Great Questions in the Old Testament	04

જીવન સંદેશ ફોલોઅપની સેવા

જીવન સંદેશની ફોલોઅપ સેવાને માટે પ્રભુના ખૂબ જ આભારી છીએ. જે થકી આપણે ઘણા બધાં લોકો સુધી પહોંચી શક્યા છીએ. તેમની સાથે ફોન દ્વારા અને પત્રો દ્વારા સંપર્ક કરી રહ્યા છીએ. હાલ જીવનસંદેશની ફોલોઅપની સેવા લગભગ ફોન પર મેસેજ પર અને વ્યક્તિગત મુલાકાત પર આધારીત છે. આ સેવાને આપની પ્રાર્થનામાં યાદ રાખશો. દર બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે રેનીસન ક્રિશ્ચિયન દ્વારા ઝુમ એપ્લીકેશન ઉપર ઓન લાઈન "શિષ્યપણાની રચના" પુસ્તક સાથે બાઈબલ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. લગભગ ૩ વર્ષથી આ અભ્યાસ ચાલે છે. જેમાં ૧૦ થી ૧૨ વ્યક્તિઓ નિયમિત રીતે અભ્યાસમાં જોડાય છે માટે પ્રભુનો આભાર માનીએ છીએ. નીચેના વિષયો ઉપર જાન્યુઆરીથી જુલાઈ મહિના સુધીમાં અભ્યાસ કરાવવામાં આવ્યા. ઈશ્વર કોણ છે ?, ઈશ્વરના વચનનો અધિકાર, પવિત્ર આત્મા, આત્મિક યુદ્ધ, ખ્રિસ્તનું પુનરાગમન, શિષ્ય શું છે ? પ્રાર્થના કરશો. પ્રભુ જીવનસંદેશની આ અનન્ય સેવાને આશીર્વાદિત કરે.

યુગલ સમૃદ્ધિ સેવા

"કુટુંબની રચના જે ઈશ્વરનાં હૃદયનો વિચાર છે તથા કુટુંબની પવિત્રતા અને ઐક્યતાનો આધાર પતિ અને પત્નીના સંબંધો આધારિત છે." આ સત્ય જ્યારે શ્રી સુભાષભાઈ ગામીત શીખ્યા ત્યારે તેમણે નિર્ણય કર્યો કે હું મારાં આગેવાનો અને મંડળીના લોકો સુધી આ શિક્ષણ પહોંચાડીશ.

આહવા-ડાંગમાં આવેલ લવચાલીના શ્રી સુભાષભાઈ ગામીત જીવન સંદેશ સાથે ઘણાં વર્ષોથી સંપર્કમાં છે. ગુજરાતી રેડિયો કાર્યક્રમ નિયમિતપણે સાંભળતા હતા તેમજ પત્રમિત્ર સેમિનાર, શિષ્યપણાનો સેમિનાર અને યુગલ સમૃદ્ધિ સેમિનારમાં ભાગ લીધો અને બીજાઓને પણ ભાગ લેવા ઉત્તેજન આપતાં. તેમને યુગલ સમૃદ્ધિ સેમિનારમાં જે શીખવા મળ્યું તે બીજાઓને શીખવા મળે એ હેતુથી લવચાલી મંડળી તેમજ અન્ય મંડળીમાંથી આગેવાનોને કુટુંબ સમૃદ્ધિ સેમિનાર તા.૧૫ થી ૧૭ મે-૨૦૨૪ માં ભાગ લેવા આમંત્રણ આપ્યું. ૧૭ યુગલોએ કુટુંબ સમૃદ્ધિ સેમિનારમાં ભાગ લીધો. આ સેમિનારમાં લગ્ન જીવનના હેતુ, લગ્ન છે જીવનમાં સફળતા, પતિ અને પત્નીની જવાબદારી, કૌટુંબિક જીવનમાં પવિત્રતા, આદર્શ કુટુંબ, વાણી વ્યવહાર, સંઘર્ષ નિવારણ, માતા-પિતાની જવાબદારી, પ્રેમ/માફી, સંબંધ વિકાસ/કાર્યશાળા, મિત્રતા અને પ્રતિભાવ, સંઘર્ષ અને તેનું નિવારણ દર્શાવતી અજોડ ફિલ્મ (Fire Proof) બતાવવામાં આવી અને પુલનું ઉદાહરણ શીખવવામાં આવ્યાં. આ સેમિનારમાં શ્રી ઈનોકભાઈ, શ્રી રેનીસન ક્રિશ્ચિયન, શ્રી જેક્સન ક્રિશ્ચિયન, શ્રી ડેવિડ ક્રિશ્ચિયને પ્રભુનાં વચનોમાંથી ઉપરોક્ત વિષય ઉપર શિક્ષણ આપવામાં આવ્યું. શ્રી ચેતન ભોંએ જીવન સંદેશ સાથે ઘણાં વર્ષોથી સંપર્કમાં છે. તેમણે ગીતો અને સ્તુતિમાં દોરવણી આપી. જેઓએ ભાગ લેતાં પ્રતિભાવ આપતાં કહ્યું :

"પ્રભુમાં વ્હાલા, સલામ સાથે લખી જણાવવાનું કે, તા.૧૬ થી ૧૭ મે-૨૦૨૪ ના રોજ કપલ સેમિનારમાં ભાગ લીધો. તેં આદર્શ કુટુંબમાં શીખવા મળ્યું કે, કુટુંબમાં સાથે મળીને નિર્ણય લેવો. એકબીજા સાથે મળીને કામ કરવાથી પ્રભુની આશિષ રહે છે. પહેલાં એકલા નિર્ણય લેતા હતા પણ હવેથી સેમિનારમાં સીખ્યા પછી સાથે મળીને નિર્ણય લઈશું. આ સેમિનારમાં ભાગ લેવાથી અમ પતિ અને પત્નીને બહુ આનંદ થયો. જીવન સંદેશનો પુષ્કળ આભાર માનીએ છીએ."

"અતિ આનંદની સાથે લખી જણાવવાનું કે તા.૧૭ અને ૧૮ મે-૨૦૨૪ નાં રોજ યુગલ સમૃદ્ધિ સેમિનારમાં અમે ભાગ લીધો. તે દરમિયાન અમને કુટુંબ સંબંધી પરિવારમાં જીવવા માટે સારી પ્રેરણા મળી અને સેવાકાર્યનાં ક્ષેત્રે પણ સેવા કરવા પ્રોત્સાહન મળ્યું. સંબંધ વિકાસનાં સેશનમાં ઘણું શીખવા મળ્યું. રૂથ ૧:૧-૧૭ માંથી સારી પ્રેરણા અને શિક્ષણ મળ્યું. ઈશ્વર સાથેનો પ્રેમ અને ઈશ્વર આપણને કેવી રીતે એક સાથે રાખે છે તે બાબત દ્વારા ઉત્તમ શિક્ષણ દ્વારા પ્રેરણા મળી. આ સર્વ માટે પ્રભુનો ખૂબ જ આભાર માનું છું. તેમજ જીવન સંદેશ મિનિસ્ટ્રીઝનો પણ આભાર માનું છું."

નારી જીવન સંચાર સેવા

-: કરિંથીઓના પહેલા પત્રની લેખિત સ્પર્ધા :-

અમદાવાદ શહેરની બહેનો માટે પહેલા કરિંથીઓના પત્રની લેખિત સ્પર્ધા તા. ૨ જૂન ૨૦૨૪ ના રોજ અલાયન્સ ચર્ચ સિયોનનગર ખાતે બપોરે ૨:૦૦ થી ૪:૦૦ દરમ્યાન રાખવામાં આવી હતી.

આ સ્પર્ધામાં જુદી જુદી મંડળીની ૩૯ બહેનોએ ભાગ લીધો હતો. તેમાં અલાયન્સ ચર્ચ મહેમદાવાદ, અલાયન્સ ચર્ચ હેબ્રોન, અલાયન્સ ચર્ચ સિયોનનગર, બેઉલાહ અલાયન્સ ચર્ચ, બેથેલ અલાયન્સ ચર્ચ, સિમ્પસન અલાયન્સ ચચ, મેથોડિસ્ટ ચર્ચ મણિનગર, કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચ, સાલ્વેશન આર્મી સી.ટી.એમ., સાલ્વેશન આર્મી મણિનગર, ટ્રીનીટી સી.એન.આઈ. ચર્ચ સી.ટી.એમ. અને ઈશ્વરકૃપા ખાતેની સી.એન.આઈ. ચર્ચની બહેનોએ આ ક્વીઝમાં ભાગીદાર બની હતી.

આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર આવનાર બહેનોના નામ નીચે મુજબ છે.

પ્રથમ નંબર	શ્રીમતી સ્ટેલાબેન જે ક્રિશ્ચિયન (સિમ્પસન અલાયન્સ ચર્ચ)	૯૯ માર્ક
	શ્રીમતી મીનાક્ષીબેન એમ. ક્રિશ્ચિયન (સિમ્પસન અલાયન્સ ચર્ચ)	૯૯ માર્ક
દ્વિતીય નંબર	શ્રીમતી તારાબેન એમ. ક્રિશ્ચિયન (સિમ્પસન અલાયન્સ ચર્ચ)	૯૫ માર્ક
	શ્રીમતી એલ્વીના એમ. ક્રિશ્ચિયન (બેથેલ અલાયન્સ ચર્ચ)	૯૫ માર્ક
તૃતીય નંબર	શ્રીમતી સંધ્યાબેન ઈ. ક્રિશ્ચિયન (બેઉલાહ અલાયન્સ ચર્ચ)	૮૯ માર્ક

દરેક બહેનોને પ્રોત્સાહન રૂપે એક પેન અને જીવન સંદેશની બેગ આપવામાં આવી હતી. આ સ્પર્ધા રાખવાનો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે બહેનો ઈશ્વરના વચન ધ્યાનથી વાંચે અને વચનની સત્યતા સમજી શકે.

આ દિવસે અલાયન્સ ચર્ચ સિયોનનગરની પાસ્ટોરેટ કમિટી અને ચર્ચના આભારી છીએ. જેમણે અમને આ સ્પર્ધા માટે ચર્ચ પૂરું પાડ્યું. સાથે બહેનોને માટે પણ આભાર માનીએ છીએ. ફક્ત મંડળીઓમાં જાહેરાત કરવામાં આવી અને જેને લઈને બહેનો ઉત્સાહપૂર્વક ભાગીદાર બની માટે સર્વ બહેનોનો આભાર માનીએ છીએ.

આપની સેવામાં

જીવન સંદેશ સેવાક્ષેત્રને ગુજરાતી જુદી જુદી મંડળીના પાળક સાહેબો, તથા આગેવાનો દ્વારા તથા સંસ્થાઓના આગેવાનો દ્વારા જે સાથ, સહકાર અને ઉત્તેજન પ્રાપ્ત થયા છે તે માટે અમે પ્રભુનો તથા તમામ આગેવાનો અને પાળક સાહેબોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. જીવન સંદેશ સેવા કાર્યનો મુખ્ય હેતુ જીવનોને પ્રભુના રાજ્ય માટે બાંધવાનો તથા સુસજ્જ કરવાનો છે. જીવન સંદેશ તરીકે અમે આપની મંડળી અથવા સંસ્થાઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે સેવામાં સંકળાયેલા ભાઈ બહેનો તથા લેમેન ભાઈઓ-બહેનોના આધ્યાત્મિક વિકાસ માટે તથા તેમને મંડળીની સેવામાં વધુ પરિપકવતા તરફ વૃદ્ધિ પામવા માટે અને નીચેના ક્ષેત્રમાં આપની સેવા કરવા તૈયાર છીએ.

૧. યુગલોના જીવનોને સુદૃઢ કરવા તથા તેમના સંબંધોને વિકસાવવા માટે વ્યવહારૂ શિક્ષણ "યુગલ સમૃદ્ધિ શિક્ષણ સેમીનાર".
૨. આધ્યાત્મિક નેતાગીરી માટે સુસજ્જ બનવા "૨:૭ શ્રેણી"નો શિષ્યપણાનો તાલીમ અભ્યાસ.
૩. નવા વિશ્વાસીઓ માટે પદ્ધતિ અને પત્ર વ્યવહાર દ્વારા કરવાનો અભ્યાસક્રમ.
૪. બહેનોના જીવનોને સ્પર્શતા જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખી તેઓને શિક્ષણ આપવા માટેના સેમીનાર અથવા રીટ્રીટ.

ઉપરના તમામ ક્ષેત્રોમાં રીટ્રીટ કે સેમીનારના આયોજન માટે જીવન સંદેશ તરીકે અમે પૂરેપૂરો સાથ અને સહકાર આપવા તૈયાર છીએ. વધુ માહિતી માટે જીવન સંદેશ ઓફિસનો સંપર્ક કરવો.

ખાસ આભાર

જીવનસંદેશની સેવામાં સ્વૈચ્છિક સેવા આપનાર ભાઈઓ-બહેનો માટે પ્રભુનો આભાર. માનીએ છીએ. ઘણા વ્યક્તિઓ અને કુટુંબો જીવનસંદેશની શરૂઆતથી સંકળાયેલા છે માટે તેઓનો અને પ્રભુપિતાના આભારી છીએ. જીવનસંદેશ સંપૂર્ણ રીતે દાન પર આધારિત સંસ્થા છે ત્યારે જીવનસંદેશની સેવામાં મહત્વનો ફાળો દાન ઉઘરાવનાર વ્યક્તિઓનો છે. આ વ્યક્તિઓ દર મહિને ૧૦૦ થી વધુ લોકોના ઘરે જઈને જીવનસંદેશ માટે દાન ઉઘરાવી રહ્યા છે. જીવનસંદેશ આ વ્યક્તિઓનો હૃદયથી આભાર માને છે. જેઓની સેવા થકી જીવનસંદેશ આજે વૃદ્ધિ પામી રહી છે. આ પ્રભુના સેવક સેવિકાઓને અને તેમના કુટુંબોને પ્રભુ આશીર્વાદિત કરે એ જ હૃદયની પ્રાર્થના છે. નીચે જણાવેલ વ્યક્તિઓ દાન ઉઘરાવવાની સેવામાં જોડાયેલ છે.

શ્રી મધુભાઈ આઈ. ક્રિશ્ચિયન
રેવ. ફિલીપભાઈ ક્રિશ્ચિયન
શ્રી વિનોદભાઈ પી. ક્રિશ્ચિયન
શ્રી જસ્ટીનભાઈ ક્રિશ્ચિયન
શ્રીમતી પર્લીના સુમનભાઈ ક્રિશ્ચિયન
શ્રીમતી રાહેલબેન ક્રિશ્ચિયન
શ્રીમતી મીનાક્ષીબેન ક્રિશ્ચિયન
શ્રીમતી પીન્કીબેન ક્રિશ્ચિયન

જીવન સંદેશ સ્ટુડિયો અને ઓફિસ રીનોવેશન

૧૯૬૨થી જીવનસંદેશની સેવાઓની શરૂઆત કરવામાં આવી. રેડિયો પર પ્રસારિત કાર્યક્રમો જીવનસંદેશના સ્ટુડિયોમાં તૈયાર કરવામાં આવે, એડિટ કરવામાં આવે અને ત્યાર બાદ પ્રસારિત સંસ્થાઓને મોકલવામાં આવતો હતો. સમય જતાં જીવનસંદેશ સ્ટુડિયો અને ઓફિસ જુદી જુદી જગ્યાઓ પર હતી, પરંતુ ૧૯૮૭ માં રેવ. એન્ટઝ અને અલાયન્સના આગેવાનો તેમજ ગુજરાત અલાયન્સ સિનડ અને બેઉલાહ ચર્ચના સહકારમાં બેઉલાહ ચર્ચના ધાબા પર જીવનસંદેશ ઓફિસ અને સ્ટુડિયો બાંધવામાં આવ્યો. જીવનસંદેશ સ્ટુડિયોને ૩૭ વર્ષ થયા જેના દ્વારા આજે પણ સેવાકાર્ય ચાલું છે.

બેઉલાહ અલાયન્સ ચર્ચ દ્વારા નક્કી કરવામાં આવ્યું કે, ચર્ચ બિલ્ડીંગનું રીનોવેશન કરવામાં આવે. જીવન સંદેશ સ્ટુડિયો અને ઓફિસને વધુ મજબુતાઈ અને ચર્ચ બિલ્ડીંગ અને જીવનસંદેશના સ્ટુડિયો અને ઓફિસના બિલ્ડીંગનું આવરદાને ધ્યાનમાં રાખીને જો ચર્ચ રીનોવેશન થાય તેમાં જીવનસંદેશ સ્ટુડિયો અને ઓફિસનું રીનોવેશન થાય એવું આર્કિટેક દ્વારા જણાવવામાં આવ્યું. આથી જીવનસંદેશ દ્વારા નક્કી કરવામાં આવ્યું. જીવનસંદેશ સ્ટુડિયોનું રીનોવેશન કરવામાં આવે.

જીવનસંદેશ સ્ટુડિયોનું રીનોવેશન કાર્યમાં કુલ અંદાજિત ખર્ચ ૧૦ લાખ થવાની શક્યતા છે. જેમાં સ્ટુડિયોનું સમારકામ, ધાબાનું કામ, સ્ટુડિયોને ફરીથી સાઉન્ડ પ્રુફ કરવો, ઈલેક્ટ્રીક, ફર્નિચર વગેરે કામનો સમાવેશ કરવામાં આવશે.

આ ભગીરથ કાર્યમાં જીવનસંદેશને પ્રાર્થના તથા દાનની જરૂરિયાત છે. જો આપ આપના દાન આપવા માંગો છો તો અમારો સંપર્ક કરશો.

હાલ જીવન સંદેશ સ્ટુડિયો અને ઓફિસ શ્રી રીચાર્ડસન મેક્વાન, ૧૭-એ, હિરાબાગ સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદ ખાતે ૨૭ ઑગસ્ટ, ૨૦૨૩થી કાર્યરત છે.

ભાઈ રીચાર્ડસન મેક્વાન (કેનેડા) તેમજ તેમના પિતા એલેક્ષઝાન્ડરભાઈ મેક્વાન અને સમગ્ર પરિવારના ખૂબ આભારી છીએ. જેમણે નિઃશુલ્ક પોતાનું ઘર જીવનસંદેશને વાપરવા આપ્યું છે. પ્રભુએ આવા પરિવાર જીવનસંદેશને આપ્યા છે માટે પ્રભુનો અને તેમના આભારી છીએ.

ગુજરાત અને ભારતમાંથી ઓનલાઈન દાન આપવા અંગેની માહિતી

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ **A/c No. : 10246210913 • Bank IFS Code : SBIN0001038**